# BUSINESS મિત્ર

### સેન્સેક્સે 1150 પોઇન્ટના ઘટાડા બાદ રીકવર થવાનો પ્રયાસ કર્યો, અંતે 588.90 પોઇન્ટ ઘટીને બંધ

# આતંકી હુમલા બાદ ભારતના વળતા પ્રહારની દહેશતે શેરબજાર હચમચી ઉઠ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 25:** ભારતીય શેરબજારમાં શરૂઆતી સુધારા બાદ ઝડપી વેચવાલી રહેતા શેરબજારમાં ભારે કડાકો બોલાયો હતો. જેનું મુખ્ય કારણ આજે સપ્તાહના અંતિમ દિવસે રોકાણકારોમાં ગભરાટ હતો કેમ કે જમ્મુ કાશ્મીરના આતંકી હુમલા બાદ ભારત સૈન્ય અને કુટનીતિ સ્તર ઉપર મોટા પગલાં ભરી શકે છે, જેથી પાકિસ્તાનની સાથે ટકરાવ વધશે જેના લીધે બજારના સેન્ટિમેન્ટ ઉપર મોટી અસર પડી શકે છે.

પહેલગામના હુમલાની અસર આજે શેરબજારમાં જોવા મળી હતી. સપ્તાહનો છેલ્લો દિવસ હોવાથી રોકાણકારો કોઇ જોખમ લેવા તૈયાર નથી અને તમામ સોદાઓ સ્કવેર અપ કરવા માંડ્યા હતા. જેના લીધે આજે સવારે 1150 પોઇન્ટ સુધી ગબડી ગયો હતો, જે છેલ્લે રીકવર થઇને 590 પોઇન્ટનો જ ઘટાડો રહ્યો હતો. બીજું ગઇકાલે પાકિસ્તાની સૈનિકોએ સરહદ પર ગોળીબાર કર્યો હતો. જેનો ભારતીય સૈનિકોએ પ્રતિક્રિયા કરી હતી.

આ દરમ્યાન કંપનીઓની અર્નિંગ ગ્રોથ સુસ્ત રહી છે. જોકે, વિદેશી રોકાણખારોની કીદી વધવાના કારણે બજારમાં તેજી જોવા મળી હતી. જો પાકિસ્તાન સાથે મુકાબલો નહીં વધે તો બજારમાં કોન્સોલિડેશન જોવા મળી શકે છે. હાલમાં બજાર જવાબી કાર્યવાહી અંગે વધુ ચિંતિત નથી. પણ ભારત અગાઉ કરતા મોટું પગલું ભરી શકે છે. જેથી રોકાણકારો સાવચેત રહી શકયા છે.

બીએસઇ સેન્સેક્સ 588.90 પોઇન્ટ એટલે કે 0.74 ટકા ઘટીને 79212.53 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેનેસેક્સ 80130 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78605 પોઇન્ટ સુધી ઘટયો હતો. આમ, સેન્સેકસમાં 1500 પોઇન્ટની તોફાની વધઘટ રહી હતી. નિફ્ટી 207.35 પોઇન્ટ એટલે કે 0.86 ટકા ઘટીને 24039.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફટી 24365 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23847 પોઇન્ટ સુધી ઘટી હતી. આમ, નિફ્ટીએ 23900 પોઇન્ટની સપાટી તોડી હતી. બેન્ક શેરોમાં પણ વેચવાલી હાવી રહેતા બેન્ક નિફ્ટી 537.35 પોઇન્ટ એટલે કે 0.97 ટકા તૂટીને 54664.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે અપોલો હોસ્પિટલમાં 171.71 ગણા, એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરેન્સમાં 17.02 ગણા, ઇન્ડિયન એનર્જી એકસચેન્જમાં 6.55 ગણા, નવીન ફ્લોરીનમાં 4.97 ગણા, સાયન્ટ લિ.માં 4.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઇન્ડિયન એનર્જી એકસચેન્જમાં 13.92 ગણા, એસબીઆઇ લાઇફમાં 7.47 ગણા, સાયન્ટ લિ.માં 7.35 ગણા, નાવા લિ.માં 5.66 ગણા અને નવીન ફ્લોરીનમાં 5.63 ગણા કામકાજ નોંધાયા છે.

## રૂપિયામાં ઘટાડો આગળ વધ્યો

કરન્સી બજારમાં રૂપિયામાં ઘટાડો આગળ વધતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 17 પૈસા ઘટીને 85.44ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 85.27ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 97.10, પાઉન્ડ 113.93, કેનેડિયન ડોલર 61.47, ઓસ્ટ્રેલિયન ડોલર 54.68, જાપાનીઝ યેન 0.5964ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 85.45 રૂ. |
| પાઉન્ડ | 113.93 રૂ. |
| યુરો | 97.10 રૂ. |
| યેન | 0.5963 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -588.90 | 79212.53 |
| નિફ્ટી | -207.35 | 24039.35 |
| બેન્ક નિફ્ટી | -537.35 | 54664.05 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 5.40 | 1695.10 |
| ટીસીએસ | 1.36 | 3448.00 |
| ટેક મહિન્દ્રા | 1.16 | 1462.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.64 | 12237.00 |
| ઇન્ફોસીસ | 0.60 | 1480.20 |

**નિફ્ટી – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 5.95 | 655.20 |
| અદાણી એન્ટર | 3.61 | 2354.30 |
| અદાણી પોર્ટસ | 3.51 | 1193.00 |
| એકસીસ બેન્ક | 3.38 | 1166.30 |
| ટ્રેન્ટ | 3.35 | 5145.00 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.36 | 3447.35 |
| ટેક મહિન્દ્રા | 1.06 | 1461.50 |
| ઇન્ફોસીસ | 0.60 | 1480.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.46 | 12219.25 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 0.32 | 822.25 |

**સેન્સેક્સ – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 3.61 | 1192.15 |
| એકસીસ બેન્ક | 3.48 | 1165.30 |
| ઇટર્નલ | 3.41 | 228.35 |
| બજાજ ફિનસર્વ | 2.85 | 2045.35 |
| પાવરગ્રીડ | 2.56 | 306.25 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

# નવા ઇન્કમટેક્સ બીલમાં ચેરીટેબલ ટ્રસ્ટ અંગે

**ટેક્સ ટ્વિટર** — **વિરેશ રૂદલાલ**

તારીખ 12મી એપ્રિલના અંકમાં ચેરીટેબલ ટ્રસ્ટો અંગે નવાબીલમાં આમેજ કેટલીક જોગવાઈઓ જોઈ છે આજના અંકમાં આગળ વધારતા આપણે અન્ય અગત્યની જોગવાઈઓ ઉપર નજર કરીશું

**કેપિટલ ગેઇન**

હાલના ઇન્કમટેક્સ એક્ટ ની કલમ -11 (1A)મુજબ કેપિટલ મિલકત ધરાવનાર ટ્રસ્ટો આવી મિલકતનો વેચાણ અગર હસતા કરે તો તેઓને કેપિટલ ગેઇન ની આવક થાય છે

મજાની વાત એ છે કે હાલની આ જોગવાઈમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન કે શોર્ટ ટર્મ કેપિટલ ગેમ જેવો કોઈ સિદ્ધાંત નથી મિલકત બે વર્ષ ધારણ કરેલી હોય કે તેનાથી ઓછો સમય હોય વેચો તો કેપિટલ ગેઈન થાય જેની સામે નવી મિલકત લઈ લ્યો તો કેપિટલ ગેઇન આવે નહીં અને જેટલો વેચાણ અવેજ રોકો તેના પ્રમાણસર કેપિટલ ગેઈન થાય પરંતુ અહીં કલમ -54 F ની માફક પ્રમાણસર ની ગણતરી થતી નથી. વળી અહીં કલમ 54, 54B મુજબ રહેઠાણ મિલકતમાં રોકાણ, ખેતીની જમીનમાં રોકાણ જેવો કોઈ રોકાણ લાભ જોવાનો નથી. લાંબા ગાળાના મૂડી નફા માટે ૨૦ % ટેક્સ રેઇટ કે ઇન્ડેક્સેશન જેવી કોઈ વાત નથી. પરંતુ આ કેપિટલ ગેઈન રેગ્યુલર આવક જ ગણાશે જેની સામે નોર્મલ ગણતરી મુજબ ૮૫ % રોકવામાં કે ખર્ચ કરવામાં આવે તો ટ્રસ્ટના રિટર્ન માં ટેક્સ ભરવાનો આવશે નહીં.

**નવા બિલમાં**

નવા બિલ માં આખે આખી કેપિટલ ગેઈન આવકનો છેદ ઉડાડી દીધો છે.અને એક કેપિટલ મિલકત વેચો તો એને લીધે શું નફો-નુકસાન થાય એ સ્પષ્ટતા નથી આથી આવી મિલકતની વેચાણ કિંમત માંથી ખરીદ કિંમત બાદ જતા જે નફો થાય તેને બિલ ની કલમ- 335 માં રેગ્યુલર નફો (ટ્રસ્ટની મિલકતમાંથી) એ પ્રમાણે બતાવવાનો રહેશે એવું લાગે છે. પરંતુ આ બિલમાં આ આખી વાત અસ્પષ્ટ રહેવા પામી છે કેમકે જો ટ્રસ્ટ નવી મિલકત ટ્રસ્ટના ઉદ્દેશ્ય માટે અથવા કોઈ અન્ય કારણોસર લેતો અને ટ્રસ્ટના હેતુસર 85% ને આધીન ગણી લેવામાં આવશે અને એ સ્પષ્ટતા આવકાર્ય હતી.

ધારો કે ટ્રસ્ટની બહુ મોટી મિલકત ભારી કિંમતે વેચવામાં આવે તો ટ્રસ્ટે કરોડો રૂપિયાનું રિટર્ન ભરવું પડશે અને એની સામે અન્ય મિલકત ખરીદી બતાવતા આવક ઓછી થશે પરંતુ આ રકમ અન્ય કેપિટલ મિલકત એટલે કે બેંક ,FD માં રોકવામાં આવે તો હાલ કેપિટલ ગેઈન થતો નથી પરંતુ નવા બિલ માં આ માન્ય રહેશે નહીં ટ્રસ્ટના રિટર્ન સ્ક્રુટીનીમાં આવવાની સંભાવના રહેશે.

**વિલીનીકરણ (Merger)**

હાલના એક્ટ ની કલમ 12 ACમાં સરખા હેતુઓ વાળા બે ટ્રસ્ટો એકબીજામાં વિલીન થાય તો શરતોને આધીન Accreted આવક થશે નહીં એવી સ્પષ્ટતા છે. આ કલમ 1- 4 -2025 થી અમલી છે પરંતુ નવા બિલ માં આનો છેદ ઉડાડી દીધો છે.

**રિટર્ન Form- 7 અને અન્ય Forms**

ઇન્કમટેક્સ રિટર્ન ફોર્મ નં-7 હાલ ઘણું જ ગુચવાડા ભરેલું છે તથા ઓડિટ ના ફોર્મ નં-10B અને 10 BB પણ લાંબાને અગવડ ભરેલ છે જેમાં સુધારાની ગુંજાઈશ છે જો આમાં કોઈ સુધારો નહીં આવે તો નવા બિલો નો આખો વ્યાયામ નિરર્થક છે. વળી નવાબીલમાં આવક એકત્રીકરણ અંગે Form- 9 A પણ રથબાતલ કર્યું છે.

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૮૪૧૫ |
| તેજાબી સોનું | ૯૮૩૨૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૩૪૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૬૪૪૫ |
| સોનાનાં બિસ્કીટ | ૯૮૪૧૫૦ |
| ચાંદી (૯૯૯) | ૯૯૨૮૦ |
| ચાંદી સિક્કા | ૧૦૦૭૮૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

## પાકિસ્તાને એરસ્પેસ બંધ કરવાની જાહેરાતે ઈન્ડિગોના શેરમાં 5 ટકાથી વધુનો ઘટાડો

**પાકિસ્તાન** એરસ્પેસ બંધ થવાને કારણે અમારી કેટલીક આંતરરાષ્ટ્રીય ફલાઇટસને અસર થઇ છે, વિકલ્પો શોધી રહ્યા છીએ: ઇન્ડિગો

નવી દિલ્હી, તા. 25: ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ઈન્ડિગોની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવીએશનના શેરમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. કંપનીના શેરમાં 5.5 ટકા ઘટીને રૂ. 5234ના ભાવ પર આવી ગયો છે. જ્યારે થોડા દિવસ પહેલા રૂ. 5649ની ઓલટાઇમ હાઇ સપાટીને સ્પર્શ્યો હતો. આ ઘટાડા પાછળનું કારણ પાકિસ્તાન અને ભારત વચ્ચેની લડાઇ છે. પાકિસ્તાને ભારત સામે બદલો લેવા માટે ભારતી એરલાઇન્સ માટે તેની એરસ્પેસ બંધ કરવાની જાહેરાત કરી હતી.

આ નિર્ણયની સીધી અસર ઈન્ડિગોની આંતરરાષ્ટ્રીય ફલાઇટસ પર પડવાની ધારણા છે. ઈન્ડિગોએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી હતી કે, પાકિસ્તાન એરસ્પેસ બંધ થવાને કારણે દિલ્હી, અમૃતસર, જયપુર, લખનઉ અને વારાણસી જેવા શહેરોથી ઉડાન ભરનારી તેની કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટસને આ લાંબો રસ્તો અપનાવવો પડશે.

ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાન એરસ્પેસ બંધ થવાને કારણે અમારી કેટલીક આંતરરાષ્ટ્રીય ફલાઇટસને અસર થઇ છે. અમારી ટીમો મુસાફરોને મદદ કરવા માટેના તમામ વિકલ્પો પર કામ કરી રહી છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. આ ઘટના 2019ના પુલવામા હુમલા બાદની ઘટનાની યાદ અપાવે છે. જ્યારે પાકિસ્તાને ભારત માટે ચાર મહિનાથી વધુ સમય માટે એરસ્પેસ બંધ કરી દીધુ હતું. તે સમયે સંસદમાં એક લેખિત જવાબમાં તત્કાલીન ઉડ્ડયન મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, બારતી એરલાઇન્સને લગભગ 540 કરોડ રૂપિયાનું નુકશાન થયું છે.

## એથર એનર્જી લિમિટેડનો પબ્લિક ઇશ્યુ સોમવારે

એથર એનર્જી લિમિટેડ સોમવાર, 28 એપ્રિલ, 2025 ના રોજ તેના રૂ. 1ના ફેસ વેલ્યુના ઇક્વિટી શેરની પ્રારંભિક જાહેર ઓફર ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એન્કર ઇન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ પહેલા છે. ઓફરનો પ્રાઇસ બેન્ડ પ્રતિ ઇક્વિટી શેર રૂ. 304 થી પ્રતિ ઇક્વિટી શેર રૂ. 321 સુધી નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા 46 ઇક્વિટી શેર અને ત્યારબાદ 46 ઇક્વિટી શેરના ગુણાંક માટે કરી શકાય છે.

## પ્રેસ્ટિજ હોટલ વેન્ચર્સ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

હોસ્પિટાલિટી એસેટ ઓનર અને ડેવલપર પ્રેસ્ટિજ હોટલ વેન્ચર્સ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયામાં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઇલ કર્યું છે. આઈપીઓમાં રૂ. 1,700 કરોડ સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ અને રૂ. 1,000 કરોડ સુધીના મૂલ્યના પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના ઇક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

## આઈસીએલ ફિનકોર્પે રૂ. 100 કરોડના એનસીડી જાહેર કર્યા

કેરળ સ્થિત એનબીએફસી આઈસીએલ ફિનકોર્પ લિમિટેડે રૂ. 50 કરોડના ગ્રીન શૂ વિકલ્પની સાથે રૂ. 50 કરોડના મૂલ્યના સિક્યોર્ડ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના ક્રિસિલ રેટેડ પબ્લિક ઇશ્યૂના લોન્ચની જાહેરાત કરી છે જેનું કુલ મૂલ્ય રૂ. 100 કરોડ થાય છે. આ એનસીડી 25 એપ્રિલ, 2025ના રોજ ખૂલશે. આઈસીએલ ફિનકોર્પના એનસીડી પબ્લિક ઇશ્યૂની આ પાંચમી સિરીઝ છે અને ઇન્સ્ટ્રુમેન્ટ્સ બીએસઇ પર લિસ્ટ થશે.

## અમેરિકનો ભારતમાં બનેલા આઈફોનનો ઉપયોગ કરશે

**એપલ** આ વર્ષે ભારતમાં વાર્ષિક 10થી 15 ટકાનો વૃદ્ધિદર જાળવી રાખશે

નવી દિલ્હી, તા. 25: એપલ અમેરિકામાં વેચાતા તમામ આઈફોનની એસેમ્બલી આવતા વર્ષ સુધીમાં ભારતમાં શિફ્ટ કરવાની યોજના ધરાવે છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ નિર્ણય ભારતમાં સપ્લાય ચેઈનના નોંધપાત્ર વિસ્તરણ તેમજ અમેરિકા અને ચીન વચ્ચેની વ્યવસાયિક વાટઘાટો આધારિત રહેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી એપલ પર ચીનમાંથી બહાર આવવા માટે દબાણ કરી રહ્યા છે. કારણ કે બંને દેશો વચ્ચે વેપાર તણાવ છે. ટ્રમ્પે સંકેત આપ્યા છે કે ચીન સાથે ટેરિફની વાટાઘાટો કરવામાં આવી રહી છે.

એપલ અમેરિકામાં વેચાતા આઈફોનની એસેમ્બલી આવતા વર્ષ સુધીમાં ભારતમાં શિફ્ટ કરવાની યોજના બનાવી રહી છે. જોકે, પહેલેથી જ એપલના કોન્ટ્રાક્ટ ઉત્પાદકો હાલની ક્ષમતા વધારવા માટે કામ કરી રહ્યા છે. ફોકસકોનનો બેંગલુરૂ પ્લાન્ટ આ મહિને મહત્તમ 20 મિલિયન યુનિટની વાર્ષિક ક્ષમતા સાથે કાર્યરત થવાની સંભાવના છે.

## માર્ચમાં ભારતનો ડોમેસ્ટિક એર પેસેન્જર ટ્રાફિક 11.3 ટકા વધીને 14.88 મિલિયન થયો

**એપ્રિલ 2025માં** એટીએફના ભાવમાં ક્રમશ: 6.1 ટકાનો અને વાર્ષિક ધોરણે 12.9 ટકાનો ઘટાડો થયો હતો

નવી દિલ્હી, તા. 25: માર્ચમાં ડોમેસ્ટિક એર પેસેન્જર્સની સંખ્યા 148.8 લાખ હોવાનો અંદાજ છે, જે વાર્ષિક ધોરણે 11.3 ટકાનો વધારો દર્શાવે છે. જે ફેબ્રુઆરી 2025માં 140.4 લાખ મુસાફરોની તુલનામાં 5.9 ટકાનો વધારો છે. એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ક્રેડિટ રેટિંગ એજન્સી આઈસીઆરએના એક અહેવાલ અનુસાર, નાણાકીય વર્ષ 2025 (એપ્રિલ 2024 - માર્ચ 2025) માટે ઘરેલું હવાઈ મુસાફરોની અવરજવર 1657.1 લાખ રહી હતી, જે વાર્ષિક ધોરણે 7.8 ટકાનો વધારો અને નાણાકીય વર્ષ 2020માં 1415.6 લાખના પૂર્વ-કોવિડ સ્તર કરતા 17.1 ટકા વધારે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યામાં મધ્યમ વૃદ્ધિના અંદાજ અને નાણાકીય વર્ષ 2026માં પ્રમાણમાં સ્થિર ખર્ચના વાતાવરણને જોતાં ભારતીય ઉડ્ડયન ઉદ્યોગ માટેનો દૃષ્ટિકોણ સ્થિર છે. નાણાકીય વર્ષ 2025ના 11 મહિનામાં, આંતરરાષ્ટ્રીય મુસાફરોની અવરજવર વાર્ષિક ધોરણે 14.6 ટકા વધીને 30.95 મિલિયન થઈ છે, જે 218.1 લાખના પૂર્વ-કોવિડ સ્તરથી 41.9 ટકા વધુ છે. માર્ચ 2025માં એરલાઈન્સ દ્વારા હાથ ધરવામાં આવેલી ક્ષમતાની જમાવટ માર્ચ 2024 ની તુલનામાં 8.5 ટકા વધુ હતી અને ફેબ્રુઆરી 2025 ની તુલનામાં 10.7 ટકા વધારે હતી.

રિપોર્ટ અનુસાર માર્ચ 2025માં એરલાઈન્સની ક્ષમતા તૈનાત માર્ચ 2024 કરતા 8.5 ટકા વધારે હતી અને ફેબ્રુઆરી 2025 કરતા 10.7 ટકા વધારે હતી. આ આઈસીઆરએના નાણાકીય વર્ષ 2025 માટે 7-10 ટકા વાર્ષિક વૃદ્ધિના અનુમાનને અનુરૂપ હતું.

## મારુતિના નબળા પરિણામ, પણ રૂ. 135નું મજબૂત ડિવિડન્ડ

મુંબઇ, તા. 25: દેશની સૌથી મોટી કાર ઉત્પાદન કંપની મારૂતિ સુઝુકીને ગત નાણાકીય વર્ષ 2024-25ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં જોરદાર ફટકો પડ્યો હતો. જાન્યુઆરી-માર્ચ 2024માં તેનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 4.3 ટકા ઘટીને રૂ. 3711 કરોડ થયો છે, જે બજારની અપેક્ષા કરતા નબળા રહ્યા હતા. નિષ્ણાતોના અંદાજ પ્રમાણે નફામાં એક ટકાનો ઘટાડો થવાની આગાહી કરાઇ હતી. પરંતુ મારૂતિએ રૂ. 135નું વિક્રમી ડિવિડન્ડ જાહેર કર્યુ છે. માર્ચ કવાર્ટરમાં મારૂતિ સુઝુકીએ ત્રીજા કવાર્ટરના પરિણામ જાહેર કર્ય છે. જેમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 4.3 ટકા ઘટીને રૂ. 3711.10 કરોડન થયો હતો. જોકે, કામગીરીથી થતી આવક એક વર્ષ અગાઉના સમયગાળામાં 6.38 ટકા વધીને રૂ. 40673.80 કરોડ થઇ હતી.


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

એમએસએમઈ શાખા : જી-૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ email id :vjmsur@bankofbaroda.com

[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫/૦૧/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદાર **શ્રી શાંતિલાલ રદવીયાભાઈ વસાવા તે મેસર્સ ગુરૂકૃપા ટેક્ષટાઈલ્સના માલિક અને ગીરવેદાર) અને શ્રી છગનભાઈ રદવીયાભાઈ વસાવા (જામીનદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૫,૨૨,૩૬૮.૭૫(રૂપિયા પંદર લાખ બાવીસ હજાર ત્રણસો અડસઠ અને પંચોતેર પૈસા પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને તેના ઉપરના અન્ય કાનુની ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૪ મી એપ્રિલ ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૫,૨૨,૩૬૮.૭૫** વત્તા વધારાનું વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

**સમાંતર બાંહેધરી :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'ઓમ નગર'નો પ્લોટ નં.૨૨૩ અને ૨૨૪ જેનું માપ એરીયા ૫૭.૨૨ ચો.મી. છે જે જમીનમાં ૫૬.૦૮ ચો.મી.માં આવેલ કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન બ્લોક નં.૧૩૬, રેવન્યુ સર્વે નં.૭૮ પૈકી હિસ્સા નં.૧, ટી.પી.સ્કીમ નં.૬૯, એફ.પી.નં.૧૨૨/એ મોજે ડીંડોલી, તાલુકા : સીટી (ચોર્યાસી), ડીસ્ટ્રીકટ : સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** પ્લોટ નં.૨૩૨, ૨૩૩ અને ૨૩૪, **પશ્ચિમ તરફ :** સોસાયટીનો રોડ, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં.૨૨૨, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૨૨૫ આવેલ છે.

પ્રાથમિક બાંહેધરી : (મંજૂરી પત્રમાં જણાવ્યા મુજબ) હાઈપોથીકેશન કરેલ પ્લાન્ટ અને મશીનરીઓ (06-SET of TFO Machins, -02-SET of Mechenical Copes Winding Machine) જે પ્લોટ નં.૫૫, બ્લોક નં.૯, શ્રી દત્તાનંદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભોલાવ, તાલુકા : ઓલપાડ, સુરત-૩૯૪૫૪૦ ખાતે આવેલ ફેક્ટરીની પ્રિમાઈસીસમાં આવેલ છે.

તા. ૨૪/૦૪/૨૦૨૫ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, એમએસએમઈ શાખા, સુરત



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૮૯૪૮૪૬૧ | હોમ લોન | ૧. દિલીપ બમણીયા<br>૨. ટીંકી દિલીપ બમણીયા | ૦૯.૦૪.૨૦૨૫ | INR 9,61,048.02/- |

**મિલકતની વિગત :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત વિશ્વાસ રેસીડન્સી પ્રીમાઈસીસ નો પ્લોટ નં. ૬૨, જેનુ માપ ૫૩.૩૮ ચો વાર એટલે કે ૪૪.૬૫ ચો. મીટર રોડની જમીન અને સી.ઓ.પી ના વણવહેચાયેલ હિસ્સા સહિત બ્લોક નં ૩૨૨ મોજે ગામ કુંવરડા, તા. માંગરોળ, જિ. સુરત, ગુજરાત-૩૯૪૪૧૦. ખાતે આવેલ છે **જેની ચતુર્દિશા : પૂર્વ :** રોડ **પશ્ચિમ :** પ્લોટ નં.૩૫, **ઉત્તર :** પ્લોટ ન.૬૧, **દક્ષિણ :** પ્લોટ ન.૬૩ આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/- અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૬.૦૪.૨૦૨૫ સ્થળ : સુરત



**Muthoot Homefin Muthoot Homefin (India) Ltd.**

CIN-U65922KL2011PLCO29231

કોર્પોરેટ ઓફિસ: મુથુટ હોમફીન (ઈન્ડિયા) લિ., 19/E, ધ રૂબિ, સેનાપતિ બાપત માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400028.

બ્રાન્ચ ઓફિસ: મુથુટ હોમફીન (ઈન્ડિયા) લિ., 503, સફાયર બિઝનેસ હબ, એલ પી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

**એપેન્ડીક્સ-IV-એ (નિયમ 8 (6)ની જોગવાઈ જોવી)**

**પ્રાઈવેટ ટ્રીટ કમ સેલ માટે જાહેર નોટિસ**

નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ ઋણ લેનાર/લેનારાઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લેવાના સંદર્ભમાં, નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં સ્થાવર મિલકત ખરીદવા માટે ઓફર મંગાવવામાં આવે છે, જેનું 'એઝ ઈઝ વ્હેબ ઈઝ બેસિસ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ બેસિસ' અને 'વ્હોટેવર ઈઝ ધેઅર બેસિસ', પર વેચાણ કરાશે, જેની વિગતો નીચે આપેલ છે:-

| ક્રમ સંખ્યા | ઋણ લેનાર-સહ-ઋણ લેનાર-ગારન્ટર-લોન એકાઉન્ટ નં.-બ્રાન્ચ | ડિમાન્ડ નોટિસની તારીખ | સિક્યોર્ડ મિલકતની વિગત | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) (અનામત કિંમતના 10 ટકા) |
|---|---|---|---|---|---|
| 1. | જનક લાલજીભાઈ કોલાદિયા- મારૂતિબેન જનકભાઈ કોલાદિયા- 004-00404572-સુરત. | 30- ઓગસ્ટ-2019 - રૂ. 6,98,853 - રૂપિયા છ લાખ અઠ્ઠાણું હજાર આઠસો ત્રેપન માત્ર | ફ્લેટ નં-૩૧૦, ત્રીજો માળ, શ્રીરામ કોમ્પ્લેક્સ, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-૨, સુરત બારડોલી હાઇવે, સુરત, સુરત, ગુજરાત- 394305. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 2. | મહેશભાઈ દુલાભાઈ બલદાનિયા- વિમલાબેન દુલાભાઈ બલદાનિયા-004-00000683-સુરત | 23 નવેમ્બર-2021- રૂ. 3,25,998- રૂપિયા ત્રણ લાખ પચીસ હજાર નવસો અઠ્ઠાણુ માત્ર | ફ્લેટ નં. 403, ચોથો માળ, બ્લોક નં. ૨, પ્લોટ નં. ૨૯૪,૨૯૫,૨૯૬ માધવ રેસીડેન્સી, ગામ તાતીથૈયા, પલસાણા, સુરત, ગુજરાત- 394305 | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 3. | રવિશંકર સિયારામ યાદવ/ સોની રાવિ યાદવ/ 004-00000632/ સુરત | 25- માર્ચ- 2021- રૂ. 3,59,015- રૂપિયા ત્રણ લાખ ઓગણસાંઈઠ હજાર પંદર માત્ર | ફ્લેટ નં. 303, ત્રીજો ફ્લોર, સહજાનંદ રેસીડેન્સી પલસાણા, સોની પાર્ક-૨ સુરત ગુજરાત- 394305. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ 08-માર્ચ-17ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં. 2848-2017માં વધુ ઉલ્લેખિત છે. સીમાઓ: ઉત્તર: અન્ય પ્લોટ, દક્ષિણ: પ્લોટ નં. 233 પૂર્વ: પ્લોટ નં. 229,228,227, પશ્ચિમ - સોસાયટી રોડ. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 4. | સોનુશિંગ ચિયુશિંગ રણશિંગ/ જુલીર્શીગ સોનુશિંગ રણર્શીગ/ 004-00401345/ સુરત | 28 સપ્ટેમ્બર-2018- રૂ. 6,06,165- રૂ. છ લાખ છ હજાર એકસો પાંસેઠ માત્ર | ફ્લેટ નં. 406, ચોથો માળ, ક્ષેત્રફળ 42.19 ચો.મી., માધવ રેસીડેન્સી, સોની પાર્ક -2 પાસે, બ્લોક નં. 2 પૈકી પ્લોટ નં. 294, 295,296, ગામ - તાતીથૈયા, પલસાણા, સુરત, ગુજરાત-394305. પલસાણાની સંયુક્ત સબ રજિસ્ટ્રાર કચેરીમાં તારીખ 25/07/2017 ના વેચાણ દસ્તાવેજ નં. 10551/2017માં વધુ ઉલ્લેખિત છે. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 5. | મહાબલી રામ ખેલાવન/ છુનકીવા મહાબલી ખેલાવન/ 004-00402032/ સુરત | 10 સપ્ટેમ્બર-2019 રૂ. 6,48,778/- રૂ. 6 લાખ અડતાલીસ હજાર સાતસો ઈઠ્યોતેર માત્ર | 410 ચોથો માળ કામધેનુ રેસીડેન્સી, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, સુરત બારડોલી રોડ પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394305. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 6. | રામજીત શુધુરામ યાદવ/ વિજયલક્ષ્મીદેવી રામજીત યાદવ/004-00000176/ સુરત | 25 માર્ચ-2021 - રૂ. 5,84,856- રૂ. પાંચ લાખ ચોર્યાસી હજાર આઠસો છપ્પન માત્ર | ફ્લેટ નં. 401, ચોથો માળ, કામધેનુ રેસીડેન્સી, સોની પાર્ક સોસાયટી-૨ રોડ, તાતીથૈયાસોની પાર્ક સોસાયટી સુરત ગુજરાત- 394305. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ-04-જાન્યુઆરી-17 ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ નં. 145-2017માં વધુ ઉલ્લેખિત છે. સીમાઓ: ઉત્તર- પ્લોટ નં. 265, દક્ષિણ- સોસાયટી ઓપન પ્લોટ, પૂર્વ- સોસાયટી રોડ, પશ્ચિમ- સાથેની પ્રોપર્ટી | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 7. | રાજનસિંઘ વિનોદસિંઘ/ જ્યોતિસિંઘ રાજનસિંઘ/004-00401590/ સુરત | 5 જાન્યુઆરી-2024 - રૂ. 6,24,251- રૂ. છ લાખ ચોવીસ હજાર બસો એકાવન માત્ર | 312, મૈત્રી રેસીડેન્સી, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, તાતીથૈયા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394305. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 8. | અનુરાગ અનિલ પાંડે/ સંગીતા અનુરાગ પાંડે/ 004-00403419/ સુરત | 5 જાન્યુઆરી-2024 - રૂ. 5,60,969- રૂ. પાંચ લાખ સાંઈઠ હજાર નવસો ઓગણ સિત્તેર માત્ર | ફ્લેટ નં. 305, થર્ડ ફ્લોર, ઓમ રેસીડેન્સી, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-2, તાતીથૈયા પલસાણા સુરત ગુજરાત- 394305. તારીખ-12/02/2018ના વેચાણ કરાર રજિસ્ટર્ડ નં. 2696/2018માં વધુ વિગતવાર ઉલ્લેખિત. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં સીમાઓ: ઉત્તર - સાથેની બિલ્ડીંગ, દક્ષિણ - રોડ, પૂર્વ - ખુલ્લો પ્લોટ, પશ્ચિમ - સાથેની બિલ્ડીંગ. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 9. | સુધીર અંબાદાસ ગાટુલે/ પૂજા સુધીર ગાટુલે/004-00405118/ સુરત | 10 સપ્ટેમ્બર-2019- રૂ. 6,41,801- રૂ. છ લાખ એકતાલીસ હજાર આઠસો એક માત્ર | ફ્લેટ નં. 406, ચોથો માળ, ઓમ રેસીડેન્સી, બ્લોક નં. 2, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી, તાતીથૈયા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત-394305. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |
| 10. | ભારત મોતીલાલા પ્રજાપતિ/ પુષ્પાબેન ભરતભાઈ પ્રજાપતિ/ 004-0040484/ સુરત | 27 જાન્યુઆરી-2021- રૂ. 4,44,950- રૂ. ચાર લાખ ચુમાલીસ હજાર નવસો પચાસ માત્ર | ફ્લેટ નં. 509, પાંચમો માળ, રોયલ રેસીડેન્સી, સોની પાર્ક સોસાયટી - 2, તાતીથૈયા, પલસાણા સુરત ગુજરાત 394305. સબ રજિસ્ટ્રાર પલસાણાની ઓફિસમાં તારીખ - ૧૯/૦૪/૨૦૧૮ ના રોજ નોંધાયેલા વેચાણ ડીડ નં. 9951- 2018માં વધુ વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીમાઓ: ઉત્તર- સાથેનો ફ્લેટ નં. 510, દક્ષિણ- સાથેનો ફ્લેટ નં. 507, પૂર્વ- સાથેનો ફ્લેટ નં. 503, પશ્ચિમ- સાથેનો પ્લોટ નં. 43,44,45,46. | રૂ. 1,00,000/- રૂ. એક લાખ માત્ર | રૂ. 10,000/- રૂ. દસ હજાર માત્ર |

1. હરાજી 'એઝ ઈઝ વ્હેર ઈઝ' અને 'એઝ ઈઝ વ્હોટેવર ઈઝ'ના આધારે કરાશે.
2. હરાજીના વેચાણની વિગતવાર શરતો અને નિયમો ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે.
3. 'મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧૪ મે ૨૦૨૫ના રોજ બપોરે ૦૪:૦૦ વાગ્યા સુધી પ્રાદેશિક કાર્યાલયમાં ઉપર દર્શાવેલ સરનામે છે. જે ટેન્ડર સંપૂર્ણપણે ભરેલા નથી અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 13 મે 2025ના રોજ બપોરે 1:00થી 3:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 15-મે-2025 બપોરે 1:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા છે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/કર બાકી હોય તો વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને રકમ ચૂકવવાની તેમની જવાબદારી સફળ હરાજીની ખરીદીની રહેશે. બોલી લગાવવા માટે ઇચ્છુક વ્યક્તિએ મિલકતના બોજો ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને પોતે પણ નિરીક્ષણ કરીને અને સંતોષ કરવો જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનાર વ્યક્તિ MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલી કોઈ પણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઉધાર લેનાર/ગારન્ટરોને સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની સેલ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવી દે, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ બચે તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઉધાર લેનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ રકમ ચૂકવી દે, તો તેમની મિલકતની હરાજી રદ કરવામાં આવશે. વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટિલ- 9737057744

તારીખ: 26 એપ્રિલ, 2025 સ્થળ: સુરત — સહી- અધિકૃત અધિકારી મુથુટ હોમફીન (ઇન્ડિયા) લિમિટેડ